મેરેજ કરતાં પોતાની ઓળખ અને સ્વતંત્રતા વધુ જરૂરી છે: રિદ્ધિ ડોગરા



ટેલિવિઝનથી લઈને OTT અને બોલિવૂડ સુધી પોતાની એક્ટિંગક્ષમતાથી ઓળખ બનાવનાર અભિનેત્રી રિદ્ધિ ડોગરા આજે માત્ર એક એક્ટ્રેસ તરીકે જ નહીં, પરંતુ પોતાના સ્પષ્ટ વિચારો માટે પણ ચર્ચામાં રહે છે. 'મર્યાદા', 'વોહ અપના સા' જેવી ટેલિવિઝન સિરીઝથી શરૂ થયેલી તેની સફર 'અસુર', 'જવાન' અને 'ધ સાબરમતી રિપોર્ટ' જેવા પ્રોજેક્ટ્સ સુધી પહોંચી છે. તાજેતરના ઈન્ટરવ્યૂમાં રિદ્ધિએ મેરેજ, સંબંધો, મહિલાઓની આર્થિક સ્વતંત્રતા અને પોતાની ઓળખ જેવા મુદ્દાઓ પર ખુલ્લા વિચારો રજૂ કર્યા હતા. તેના મતે, સમાજમાં મેરેજને જે રીતે જીવનની સૌથી મોટી સિદ્ધિ અથવા સ્ત્રીની સફળતાનું પ્રમાણપત્ર માનવામાં આવે છે, તે વિચારસરણી બદલવાની જરૂર છે.

આજના સમયમાં મેરેજને લઈને થીંકીંગ શું છે?

મારા મતે લગ્નજીવનનો એક ભાગ હોઈ શકે છે, પરંતુ આખું જીવન નથી. આપણે ઘણીવાર મેરેજને એટલું મહત્ત્વ આપી દઈએ છીએ કે વ્યક્તિની પોતાની ઓળખ, ઈચ્છાઓ અને સપનાઓ પાછળ રહી જાય છે. લગ્નજીવન સુંદર હોઈ શકે છે, પરંતુ તેને દરેક વ્યક્તિ માટે અનિવાર્ય બનાવવું યોગ્ય નથી. કોઈ વ્યક્તિ મેરેજ કરે કે નહીં, તેનાથી તેની સફળતા કે ખુશી નક્કી થતી નથી. દરેકને પોતાની રીતે જીવન જીવવાનો અધિકાર હોવો જોઈએ.

ટેલિવિઝન પર લાંબા સમય સુધી કેરેક્ટર સાથે જોડાયેલા રહેવાનું હોય છે, જ્યારે ફિલ્મો અને OTTમાં મર્યાદિત સમયમાં કેરેક્ટરની ઊંડાઈ રજૂ કરવાની હોય છે

મહિલાઓ માટે આર્થિક સ્વતંત્રતા કેટલી જરૂરી છે?

આર્થિક સ્વતંત્રતા માત્ર પૈસા કમાવવા પૂરતી મર્યાદિત નથી. તે વ્યક્તિને પોતાના નિર્ણયો લેવાની શક્તિ આપે છે. જ્યારે મહિલા આર્થિક રીતે સ્વતંત્ર હોય છે, ત્યારે તે પોતાની જરૂરિયાતો, પસંદગીઓ અને ભવિષ્ય અંગે વધુ આત્મવિશ્વાસ સાથે નિર્ણય લઈ શકે છે. દરેક મહિલાએ પોતાની ઓળખ અને આવકનું એક અલગ માધ્યમ ઊભું કરવું જોઈએ. સંબંધોમાં પ્રેમ અને વિશ્વાસ જરૂરી છે, પરંતુ પોતાની જાત પરની નિર્ભરતા પણ એટલી જ મહત્ત્વની છે.

શો બાજ

એક્ટિંગની સફરમાં સૌથી મોટો બદલાવ કયો રહ્યો છે?

ટેલિવિઝનથી શરૂઆત કર્યા પછી ફિલ્મો અને OTT સુધી પહોંચવું મારા માટે એક અલગ અનુભવ રહ્યો છે. દરેક માધ્યમની પોતાની જરૂરિયાતો હોય છે. ટેલિવિઝન પર લાંબા સમય સુધી કેરેક્ટર સાથે જોડાયેલા રહેવાનું હોય છે, જ્યારે ફિલ્મો અને OTTમાં મર્યાદિત સમયમાં કેરેક્ટરની ઊંડાઈ રજૂ કરવાની હોય છે. 'અસુર' અને 'જવાન' જેવા પ્રોજેક્ટ્સે મને અલગ પ્રકારના દર્શકો સુધી પહોંચવાની તક આપી. હું એક જ પ્રકારના કેરેક્ટરમાં બંધાઈ રહેવા માગતી નથી. એક કલાકાર તરીકે સતત નવા પડકારો સ્વીકારવા જરૂરી છે.

ભવિષ્યમાં કેવા પ્રકારનાં કેરેક્ટર્સ ભજવવાની ઇચ્છા છે?

મને એવા કેરેક્ટર્સ ભજવવા ગમે છે, જેમાં સ્તર હોય, જે માત્ર સારા કે ખરાબની વ્યાખ્યામાં બંધાતા ન હોય. દરેક વ્યક્તિની પોતાની જટિલતા હોય છે અને એ જ બાબત કેરેક્ટરને રસપ્રદ બનાવે છે. હું એવા પ્રોજેક્ટ્સ કરવા માગું છું, જે મને એક કલાકાર તરીકે પડકારે અને દર્શકોને પણ વિચારવા પ્રેરે.

'The 50' જેવા રિયાલિટી શોમાં ભાગ લેવાનો નિર્ણય કેમ લીધો?

એક કલાકાર તરીકે હું હંમેશાં મારી જાતને નવી પરિસ્થિતિઓમાં મૂકવા માગું છું. લાંબા સમય સુધી એક જ પ્રકારના કામમાં રહેતાં ક્યારેક આપણે પોતાની ક્ષમતાઓને મર્યાદિત કરી દઈએ છીએ. 'The 50' મારા માટે એક નવો પડકાર હતો. હું આ અનુભવમાંથી કંઈક નવું શીખવા અને મારી જાતને અલગ રીતે ઓળખવા માગતી હતી.

રિયાલિટી શોમાં પ્રવેશતાં પહેલાં કોઈ પ્રકારની ચિંતા હતી?

હા, શરૂઆતમાં ઘણી ચિંતા હતી. આ શોમાં જોડાવાનો નિર્ણય લેતાં પહેલાં મેં ઘણી વખત વિચાર્યું હતું. મને ઊંઘ ન આવતી અને મનમાં અનેક પ્રશ્નો આવતા હતા. કોઈ પણ વ્યક્તિ તમને આવી પરિસ્થિતિ માટે સંપૂર્ણ રીતે તૈયાર કરી શકતી નથી. આખરે મેં નક્કી કર્યું કે એક સમયે એક દિવસ પર ધ્યાન આપવું અને અનુભવમાંથી શીખવું.

શોમાં મિત્રતા અને ગેમ વચ્ચે તમે કોને વધુ મહત્ત્વ આપ્યું?

હું શોમાં ખાસ મિત્રતા બનાવવા માટે નહોતી ગઈ. હું મારી ગેમ રમવા અને મારા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા માગતી હતી. ત્યાં ઘણા સ્પર્ધકો હતા અને દરેકની પોતાની રણનીતિ હતી. તેથી મારી ઊર્જા બિનજરૂરી બાબતોમાં વેડફવાને બદલે શાંત રહીને ગેમ રમવી મારા માટે વધુ જરૂરી હતી.

લોકોની ટીકા અને ટ્રોલિંગનો સામનો કેવી રીતે કરો છો?

દરેક વ્યક્તિની પોતાની વિચારસરણી હોય છે અને દરેકને તમે પસંદ આવો તે જરૂરી નથી. લોકો તમારી સરખામણી કરે અથવા તમારી ભૂલો તરફ ધ્યાન દોરે, ત્યારે પોતાની જાત પ્રત્યે સ્પષ્ટતા હોવી જરૂરી છે. હું મારી ખામીઓ સ્વીકારવામાં સંકોચ અનુભવતી નથી. હું સંપૂર્ણ નથી અને દરેક બાબત જાણતી પણ નથી. પોતાની નબળાઈઓ સ્વીકારવી એ પણ આત્મવિશ્વાસનો એક ભાગ છે.

શાહરુખ ખાન સાથે 'જવાન'માં કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?

'જવાન' મારા કરિયરના યાદગાર પ્રોજેક્ટ્સમાંનો એક છે. શાહરુખ ખાન જેવા મોટા સ્ટાર સાથે કામ કરવાની તક મળવી મારા માટે ખાસ અનુભવ હતો. ફિલ્મમાં કાવેરી અમ્માનું કેરેક્ટર ભજવવું પણ અલગ પ્રકારનો પડકાર હતો. હું ભવિષ્યમાં ફરી તેમની સાથે કામ કરવા માગું છું અને આ વખતે મારા કેરેક્ટરને વધુ વિસ્તૃત રીતે રજૂ કરવાની તક મળે તેવી ઇચ્છા છે.

યોગ જીવનમાં શું પરિવર્તન લાવ્યો છે?

મારા માટે યોગ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ જીવન જીવવાની એક પદ્ધતિ છે. યોગે મને શાંતિ, એકાગ્રતા અને સંતુલન જાળવવામાં મદદ કરી છે. જીવનમાં અનેક જવાબદારીઓ અને પડકારો વચ્ચે પોતાની જાત સાથે જોડાયેલા રહેવું જરૂરી છે. યોગ મને એ જ શીખવે છે કે દરેક પરિસ્થિતિમાં ધીરજ રાખવી અને પ્રક્રિયા પર વિશ્વાસ કરવો.

દુનિયા આખી ખુશ છે, તો આ સ્ત્રી બોમ્બ લઈને કેમ ફરે છે?



અપકમિંગ

દુનિયાની દરેક વ્યક્તિ ખુશ છે, કોઈને ફરિયાદ નથી, કોઈ ગુસ્સે થતું નથી અને કોઈ ઝઘડો પણ કરતું નથી. સાંભળવામાં તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરી આવ્યું હોય એવું લાગે! પણ આ સ્વર્ગની એક ખતરનાક શરત છે: અહીં તમારી પોતાની મરજી ચાલતી નથી. હવે આ ખુશખુશાલ દુનિયાનો અંત લાવવો કે તેને બચાવવી, એનો નિર્ણય એક સ્ત્રીના હાથમાં રહેલો પરમાણુ બોમ્બ કરશે! એપલ ટીવીની સાયન્સ ફિક્શન થ્રિલર 'પ્લુરિબસ'ની પહેલી સીઝનનો અંત આવા જ ધમાકેદાર વળાંક પર આવ્યો છે. હવે બીજી સીઝનમાં શું થશે તે જાણવા ફેન્સ આતુર છે.

સ્ટોરીનું મુખ્ય કેરેક્ટર છે કેરોલ સ્ટર્કા (રિયા સીહોર્ન), એક લેખિકા અને સ્વભાવે અસંતુષ્ટ મહિલા. અચાનક એક રહસ્યમય વાયરસ આખી દુનિયામાં ફેલાય છે, જે મોટાભાગના લોકોને એક જ સામૂહિક ચેતના સાથે જોડી દે છે. પરિણામે લાખો લોકોનું મગજ જાણે એક થઈ જાય છે. બધા એકસરખું વિચારે છે અને એકબીજાની લાગણીઓ પણ અનુભવે છે. આ વાયરસથી બચી ગયેલી કેરોલને સમજાય છે કે દેખીતી ખુશી પાછળ માણસની પોતાની ઓળખ અને સ્વતંત્ર વિચારશક્તિ જ ખતમ થઈ રહી છે.

'પ્લુરિબસ'ની બીજી સીઝનમાં કેરોલ સામે આખી માનવજાત! પરમાણુ બોમ્બથી હાઇવ માઇન્ડનો અંત આવશે કે સર્જાશે નવી આફત?

આ દુનિયાની સૌથી વિચિત્ર વાત એ છે કે અહીં કોઈ વિલન કેરોલને મારવા માગતું નથી. ઊલટું, બધા તેને પ્રેમથી પોતાની દુનિયામાં સામેલ કરવા માગે છે. પરંતુ કેરોલને આ મંજૂર નથી. પહેલી સીઝનના અંતે તેને મેનુસોસ (કાર્લોસ મેન્યુઅલ વેસ્ગા) નામનો બીજો પ્રતિરોધક વ્યક્તિ મળે છે. બંનેની મુલાકાત પછી સ્ટોરીમાં નવો વળાંક આવે છે અને કેરોલના હાથમાં પરમાણુ બોમ્બ આવી જાય છે. હવે તે હાઇવ માઇન્ડનો ખાત્મો કરશે કે આખી માનવજાતને જોખમમાં મૂકશે?

સીરિઝના સર્જક વિન્સ ગિલિગને બીજી સીઝનની સ્ટોરી તૈયાર હોવાની અને શરૂઆતના બે એપિસોડની સ્ક્રિપ્ટ લખાઈ ગઈ હોવાની માહિતી આપી છે. રિયા સીહોર્ન ફરી કેરોલ તરીકે જોવા મળશે. કાર્લોસ મેન્યુઅલ વેસ્ગા અને કરોલિના વિડ્રા પણ પોતપોતાનાં કેરેક્ટરોમાં પરત ફરશે. સામ્બા શુટ્ટેનું મિસ્ટર ડાયાબેટેનું કેરેક્ટર પણ આ વખતે વધુ મહત્ત્વનું બની શકે છે.

બીજી સીઝનનું શૂટિંગ 31 ઑક્ટોબર 2026થી અમેરિકાના ન્યૂ મેક્સિકોના અલ્બુકર્કમાં શરૂ થયાના અહેવાલ છે. રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી. પહેલી સીઝનના તમામ નવ એપિસોડ એપલ ટીવી પર ઉપલબ્ધ છે. 'પ્લુરિબસ'નો સૌથી રસપ્રદ પાસું એ છે કે તે ખુશી કરતાં સ્વતંત્રતાને વધુ મહત્ત્વ આપે છે. આખરે, જો દુનિયા તમારી સાથે સહમત હોય પણ તમને પોતાની રીતે વિચારવાની છૂટ ન હોય તો એવી ખુશીનો શું અર્થ?

બિગબોસ હાઉસમાં કનિકાની ડબલ ગેમ?



સ્મોલ સ્ક્રીન

બિગ બોસ 20ના ઘરમાં અઠવાડિયું ભલે સ્પર્ધકોની લડાઈ, દોસ્તી અને ડ્રામાથી ભરેલું રહ્યું હોય, પરંતુ અસલી ધમાકો તો 'વીકેન્ડ કા વાર' પર થયો! હોસ્ટ સલમાન ખાન આ વખતે માત્ર સલાહ આપવાના મૂડમાં નહોતો, પરંતુ ઘરના સભ્યોની ગેમ, વર્તન અને દોસ્તીની પોલ ખોલવાના પૂરા ઈરાદા સાથે આવ્યો હતો. કોઈની દોસ્તી પર સવાલ, તો કોઈના વર્તન પર સીધો સવાલ... સલમાનની ક્લાસમાં એક પછી એક સ્પર્ધકોની વાટ લાગી ગઈ!

સૌથી પહેલાં વાત થઈ લવ ગિલની. સલમાને લવને સીધો સવાલ કર્યો કે તે પોતાની દોસ્તીનો ઉપયોગ ગેમમાં ફાયદો મેળવવા માટે તો નથી કરી રહી ને? સલમાનના મતે લવ સ્કાઉટને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરે છે અને ઝઘડાઓ દ્વારા સહાનુભૂતિ મેળવવાની રમત રમે છે. એટલે કે દોસ્તીનો હાથ પકડ્યો છે કે સિમ્પથીનો રસ્તો, એ સવાલ હવે લવ સામે ઊભો થયો છે.

બીજી તરફ સ્કાઉટઓપી પણ સલમાનના સવાલોથી બચી શક્યો નહીં. યંગ DSA સાથે થયેલી તેની લડાઈ અને ઘરના બીજા સભ્યો સાથે વારંવાર થતી બોલાચાલી અંગે સલમાને તેને બરાબર સંભળાવ્યું. સ્કાઉટને પણ સમજાઈ ગયું હશે કે ગેમમાં માત્ર મોટા અવાજે બોલવાથી પોઇન્ટ નથી મળતા!

પરંતુ આ એપિસોડની સૌથી મસાલેદાર મગજમારી કનિકા માનના નામે રહી. સલમાને કનિકાને અલગ-અલગ લોકો સાથે વાત કરતી વખતે પોતાનું વર્તન બદલવાની આદત છોડવાની સલાહ આપી. વાત એટલી આગળ વધી કે કનિકા કાઝી તૌકીર અને આમ્રપાલી દુબે સાથે દલીલમાં ઉતરી ગઈ. સલમાનનો ગુસ્સો જોઈને એવું લાગતું હતું કે હવે ઘરમાં કોઈની દલીલ નહીં, માત્ર હોસ્ટનો ચુકાદો જ ચાલશે!

સલમાનનો ગુસ્સો જોઈને એવું લાગતું હતું કે હવે ઘરમાં કોઈની દલીલ નહીં, માત્ર હોસ્ટનો ચુકાદો જ ચાલશે!

આ સમગ્ર વિવાદની શરૂઆત પણ એક મજાકમાંથી થઈ હતી. લવ 'કેરેક્ટર ઢીલા હૈ' ગીત ગાઈ રહી હતી ત્યારે સ્કાઉટે તેના કેરેક્ટર પર ટિપ્પણી કરી હતી. એટલું જ નહીં, તેના કપડાંની મજાક ઉડાવતાં સ્કાઉટે પેન્ટમાં બેલ્ટ અને લવના પાયજામામાં નાડાની વાત કરી હતી. કાઝીને આ મજાક પસંદ ન આવી અને તેણે સ્કાઉટને માફી માગવા કહ્યું. શરૂઆતમાં કનિકા અને લવ હસ્યાં, પરંતુ પછી લવે આ વાતને ગંભીરતાથી લઈને સ્કાઉટ સાથેની દોસ્તી જ ખતમ કરવાનો નિર્ણય લીધો.

હવે સવાલ એ છે કે આ ઘરમાં દોસ્તી ખરેખર દિલથી થાય છે કે પછી ગેમની જરૂરિયાત પ્રમાણે? કારણ કે બિગ બોસના ઘરમાં ક્યારેક એક મજાકથી દોસ્તી તૂટે છે, તો ક્યારેક એક સવાલથી આખી ગેમ પલટાઈ જાય છે. સલમાનની આ ક્લાસ પછી કોની ગેમ સુધરશે અને કોની મુશ્કેલી વધશે, એ જોવું રસપ્રદ રહેશે!